# “મૂળભૂત અધિકારો અને માનવીય અધિકારો”

પ્રજાપતિ વિજય કુમાર ઈશ્વરભાઈ
પી.એચ.ડી.સ્કોલર (રાજયશાસ્ત્ર)

**પ્રસ્તાવના :–**

રાષ્ટ્ર એકતાના અને પ્રજાના હિતોના ઘ્યેય સાથે સુસંગત રહી ઘડાયેલો બંધારણનો ભાગ – ૩ કદાચ આજસુધી કોઈપણ રાજયે ઘડેલા મુળભૂત અધિકારો અંગેના ખતપત્રો પૈકી સૌથી ઝીણવટ અને કાળજીથી તૈયાર કરાયેલું ખતપત્ર છે. ન્યાયમૂર્તિ ભગવતીના મંતવ્ય અનુસાર :

''આ મુળભૂત અધિકારો આ દેશની પ્રજાએ વૈદિકયુગથી હદયમાં સંઘરેલા પાયાના મૂલ્યો રજુ કરે છે. તે વ્યકિતના ગૌરવનું રક્ષણ કરે તે રીતે ઘડાયા છે. તેમાં વ્યકિત પોતાના વ્યકિતત્વને પુર્ણપણે વિકસાવી શકે તેવી પરિસ્થિતિઓ સર્જવા ઘડાયા છે.''

આમ તો કાયદાથી અપાયેલા તમામ અધિકારો માનવને જ મળતા હોય છે. માનવ અધિકારોનો ખ્યાલ યુનોએ માનવ અધિકારો જાહેર કર્યા બાદ, જુદાં–જુદાં દેશોમાં ઝડપથી પ્રસરવા લાગ્યા છે. માનવ અધિકારોનો ખ્યાલ કાયદાકીય રીતે સૌપ્રથમ બ્રિટન, ફ્રાંસ અને ડેન્માર્કના ગુલામી નાબુદીના કાયદાઓમાં વ્યકત કરાયો હતો. તેનો પ્રાથમિક હેતું રાજયના જુલ્મીશાહી કાયદાઓ અને નીતિ સામે લોકોનું રક્ષણ કરવાનો હતો. પરંતું ફ્રેચ ક્રાંતિ, રશિયન ક્રાંતિ, દ્વિતિય વિશ્વયુઘ્ઘ અને તે દરમ્યાન તેમજ પછી કેટલાંક દેશોને મળેલ આઝાદી વગેરે કારણોસર એવો ખ્યાલ મજબુત કરી વ્યકત થતો રહ્યો અને સ્થાપિત થયો કે રાજયની તમામ પ્રવૃતિઓમાં માનવ કેન્દ્ર સ્થાને રહેવો જોઈએ.

➢ **માનવ અધિકારો શું છે?**

માનવ અધિકાર એવા અધિકારો છે કે જેને દરેક મનુષ્ય પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવે છે. અને તેમના રક્ષણનો પણ અધિકાર ધરાવે છે. આ અધિકારો પાછળનો ગર્ભિત અર્થ એ છે કે તમામ સ્ત્રીઓ, પુરૂષો અને બાળકોને તે અધિકારો છે. તમામ સમાજો અને સંસ્કૃતિઓમાં આ અધિકારો એક યા બીજા સ્વરૂપે અસ્તિત્વ ધરાવે જ છે. આ અધિકારોનું સમકાલિન આંતર રાષ્ટ્રીય નિવેદન એ ''માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા'' છે.

➢ **માનવ અધિકારોનું મહત્વ :–**

આપણા ઋગવેદમાં જણાવ્યું છે કે “There is none race of human Beings.” એટલે કે તમામ માનવો સમાન છે. માનવ અધિકારોનો હેતું એ છે કે જો આપણે સારી રાજય વ્યવસ્થા અને સમાજ સંગઠન ઈચ્છતા હોઈએ તો દરેક વ્યવસ્થામાં કેટલાક અધિકારો વ્યકિતઓને આપવાનું અનિવાર્ય છે. લોક માન્ય તિલકે 'સ્વરાજય મારો જન્મસિઘ્ઘ અધિકાર છે' સુત્ર આપ્યું હતું. ૧૮૯૫ માં સ્વરાજય ખરડો રજૂ કરાયો હતો. આ ખરડામાં વાણી સ્વાતંત્ર્ય અને સમાનતાના અધિકારોનો સમાવેશ કરાયો હતો.

❖ માનવ અધિકારોનું વર્ગીકરણ :–

Karel Vasak નામના ફ્રેંચ ન્યાયશાસ્ત્રીએ નીચે મુજબ વર્ગીકરણ કરેલ છે.

૧) દીવાની અને રાજકીય અધિકારો

૨) આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક અધિકારો

૩) ઐકય અધિકારો

❖ મુળભૂત અધિકારો :–

આર્ટીકલ ૧૨ – ૩૫

આમુખમાં અપાયેલી વ્યકિતના ગૌરવની ખાતરી, જે ખરેખર તો મુળભૂત અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાના પાયામાં રહેલો એક મુળભૂત સિધ્ધાંત છે. રાજયોએ ઘડેલા મુળભૂત અધિકારો અંગેના ખતપત્રો પૈકી સૌથી ઝીણવટ અને કાળજીથી તૈયાર કરાયેલું ખતપત્ર છે. ન્યાયમૂર્તિ ગેજેન્દ્ર ગડકરે તેને "બંધારણથી આ દેશમાં દાખલ કરવા ધારેલી લોકતાંત્રિક જીવનરીતનો પાયો અને સ્તંભ" તરીકે વર્ણવ્યો હતો.

❖ આ મુળભૂત અધિકારો નીચે પ્રમાણે છ વ્યાપક વર્ગોમાં જણાવાયા છે.

૧ કાયદા સમક્ષ સમાનતા અને કાયદાથી સમાન રક્ષણ સહિત સમાનતાનો અધિકાર (આર્ટીકલ ૧૪)સ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લીંગ કે જન્મ સ્થાનના કારણોસર ભેદભાવવ ઉપર પ્રતિબંધ (આર્ટીકલ ૧૫)સ જાહેર નોકરીને લગતી બાબતોમાં તકની સમાનતા (આર્ટીકલ ૧૬)સ ખિતાબોની પ્રથાનો અંત અને અસ્પૃશ્યતા નાબુદી (આર્ટીકલ ૧૭, ૧૮)

૨ જીવન અને વૈયકિતક સ્વાતંત્ર્યનો અધિકાર (આર્ટીકલ ૨૧)સ વાણી અને અભિવ્યકિતના, એકઠા થવાના, મંડળ કે સંગઠન રચવાના, ભારતના કોઈપણ ભાગમાં સ્થિર થવાના સ્વાતંત્ર્યનો અધિકાર અને કોઈપણ વ્યવસાય કે ધંધો કરવાના સ્વાતંત્ર્યનો અધિકાર (આર્ટીકલ ૧૯)સ

૩ શોષણ વિરૂધ્ધનો અધિકાર, બધાજ સ્વરૂપની વેઠ, બાળમજૂરી અને માનવોના ખરીદ વેચાણ ઉપર પ્રતિબંધ (આર્ટીકલ ૨૩ અને ૨૪)

૪ અંતઃકરણના સ્વાતંત્ર્યનો અને ધર્મના મુકત આચરણ, વ્યવહાર અને પ્રસારનો અધિકાર (આર્ટીકલ ૨૫ અને ૨૮)

૫ લઘુમતીઓનો પોતાની સંસ્કૃતિ, ભાષા અને લિપિ જાળવી રાખવાનો અને પોતાની પસંદગી મુજબની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર (આર્ટીકલ ૨૯ અને ૩૦)

૬ આ બધા જ મુળભૂત અધિકારોના અમલ માટે બંધારણીય ઉપાયો મેળવવાનો અધિકાર (આર્ટીકલ ૩૨)

ડૉ. એસ. રાધાક્રિશ્નને "આપણી પ્રજાને અપાયેલા વચન અને સંસ્કારી દુનિયા સાથેના કરાર" તરીકે વર્ણવેલા. આ મુળભૂત અધિકારો રાજય માટે એટલે કે કારોબારીતંત્ર તેમજ વિધાનતંત્ર બંને માટે બંધનકર્તા છે.

❖ સમાનતાનો અધિકાર :–

કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ બંધારણનો આર્ટીકલ ૧૪ ભારતના રાજયક્ષેત્રમાં "કાયદા સમક્ષ સમાનતા" કે "કાયાના સમાન રક્ષણ" નો દરેક વ્યકિતનો મુળભૂત અધિકાર નકારી શકાશે નહિ તેમ ઘોષિત કરે છે. અહીં આ આર્ટીકલે પુરૂં પાડેલું રક્ષણ માત્ર નાગરીકો પુરતું જ મર્યાદિત નથી પણ તે બધી જ વ્યકિતને લાગુ પડે છે. તે માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાના આ સિધ્ધાંતને મૂર્તિમંત સ્વરૂપ આપે છે. આર્ટીકલ ૧૪ હેઠળના સમાનતાના અધિકાર પ્રત્યે નવો જ અભિગમ અપનાવાયો હતો. ન્યાયમૂર્તિ ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ ક્રિશ્ન ઐયરે જણાવ્યું હતું.
સમાનતા અનેક પાસા અને પરિણામોવાળો ગતિમાન ખ્યાલ છે. તેને પરંપરાગત સૈધ્ધાન્તિક મર્યાદાઓના "પાંજરામાં બાંધી પુરી અને મુકી રાખી શકાય નહીં."

➢ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસર ભેદભાવનો અભાવ :–

આર્ટીકલ ૧૫ માં કોઈપણ નાગરીક વિરૂધ્ધ માત્ર ધર્મ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે તે પૈકી કોઈના કારણ માત્રથી ભેદભાવ નહિ આચરવાની ફરજ રાજય ઉપર લાદે છે.

➢ જાહેર નોકરીઓમાં તકની સમાનતા :–

આર્ટીકલ ૧૬ ના વાકયખંડ (૧) અને (૨) અન્વયે ભારતના બધા જ નાગરીકોને રાજય હેઠળના કોઈ હોદ્દા ઉપર નિમણુંક કે નોકરીને લગતી બાબતોમાં તકની સમાનતાની ખાતરી બક્ષવામાં આવી છે. તેથી કોઈપણ નાગરીકની વિરૂધ્ધ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મ, જન્મસ્થળ કે રહેઠાણના કારણ માત્રથી રાજય હેઠળના કોઈ હોદ્દો કે કોઈ નોકરી માટે ભેદભાવ કે અપાત્રતા રાખી શકાશે નહિ.

❖ સ્વાતંત્ર્યનો અધિકાર :–

બંધારણનો આર્ટીકલ ૧૯ ભારતના નાગરીકોને પાયાના છ સ્વાતંત્ર્યો બક્ષે છે, જેમ કે : "વાણી અને અભિવ્યકિતનું", "શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા થવાનું", "મંડળો રચવાનું", "ભારતના રાજયક્ષેત્રમાં સર્વત્ર, મુકતપણે ફરવાનું", "ભારતના કોઈપણ ભાગમાં નિવાસ કરવાનું અને સ્થાયી થવાનું", અને "ગમે તે વ્યવસાય કરવાનું તથા કોઈપણ કામકાજ, વેપાર કે ધંધો કરવાનું" સ્વાતંત્ર્ય. આ સ્વાતંત્ર્યોને "નાગરીકના દરજજામાં અંતનિર્દિત

❖ શોષણ વિરૂધ્ધનો અધિકાર :–

આર્ટીકલ ૨૩ અને ૨૪ માણસોના ખરીદ વેચાણ, વેઠ, બંધુઆ, મજૂરી, કારખાનામાં બાળકોની નોકરી વગેરે જેવા શોષણ સામે રક્ષણ આપવાની જોગવાઈ જણાવે છે. સ્ત્રીઓ, બાળકો વગેરે જેવા માનવીઓના ખરીદ વેચાણ, વેઠ વગેરે આમુખમાં જણાવેલા મુળભૂત બંધારણીયા મૂલ્ય એવા માનવ ગૌરવની વિરૂધ્ધ જાય છે.

❖ ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર :–

આર્ટીકલ ૨૫ જણાવે છે : બધી જ વ્યકિતઓ માત્ર નાગરીકો જ નહિ – ને અંતઃકરણના સ્વાતંત્ર્યનો અને મુકતપણે ધર્મ માનવાનો, પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર રહેશે. જોકે આ ધર્મસ્વાતંત્ર્યનો અધિકાર, જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને આધીન છે.

❖ ધાર્મિક શિક્ષણ પ્રસંગે હાજરી નહિ આપવાનું સ્વાતંત્ર્ય :–

રાજયના નાણાથી જ પુર્ણપણે નભાવતી હોય તેવી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ ધામિૃક શિક્ષણ આપવા ઉપર આર્ટીકલ ૨૮ પ્રતિબંધ મુકે છે.

❖ સંસ્કાર અને શિક્ષણ વિષયક અધિકારો :–

આર્ટીકલ ૨૯ ભારતમાં કોઈપણ સ્થળે વસવાટ કરતા અને "પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કાર ધરાવતા નાગરીકોના દરેક વિભાગ" ને આ બધાની જાળવણી કરવાનો અધિકાર બક્ષે છે. કોઈપણ નાગરીકને રાજય વડે નિભાવતી કે સહાય કરાતી શિક્ષણ સંસ્થામાં ધર્મ, જાતિ, જ્ઞાતિ કે ભાષાના એકમાત્ર કારણસર પ્રવેશનો ઈન્કાર કરી શકાય નહિ.

❖ બંધારણીય ઉપાયો મેળવવાનો અધિકાર :–

બંધારણમાં કરેલી જોગવાઈ સિવાય આર્ટીકલ ૩૨ થી અપાયેલા અધિકારો મોકુફ રાખી શકાતા હોતા નથી. ઉદાહરણ તરીકે કટોકટીની ઉદ્દઘોષણા દરમિયાન : (ક) આર્ટીકલ ૨૦ અને ૨૧ સિવાયના કોઈપણ મુળભૂત અધિકારના અમલ માટે કોર્ટ સમક્ષ ઘા નાંખવાનો અધિકાર આર્ટીકલ ૩૫૯ અન્વયે મોકુફ કરી શકાય નહિ અને (ખ) આર્ટીકલ ૧૯ માં જણાવેલ સ્વાતંત્ર્યોના અધિકારથી આર્ટીકલ ૩૫૮ હેઠળની રાજયની કારોબારીતંત્રીય અને વિધાનતંત્રીય સત્તા સંકુચિત બનશે નહિ.

આર્ટીકલ ૩૨ હેઠળ બંધારણીય ઉપાયો મેળવવાનો આ અધિકાર ખુદ એક મુળભૂત અધિકાર હોવાથી સુપ્રિમ કોર્ટ કોઈ તાત્વિક મુળભૂત અધિકારના ભંગ માટે ઉપાય આપવાનો ઈન્કાર કરશે નહિ.

ઉપસંહાર :—

એક વિચારસરણી એવી છે કે માનવ અધિકારો મુળભૂત અધિકારો છે. યુનોના ચાર્ટરમાં મુળભૂત માનવ અધિકારો વિશ જણાવવામાં આવ્યું છે તેનો અર્થ થાય છે કે યુનોના ચાર્ટરના અસ્તિત્વ પહેલાથી જ આ મુળભૂત માનવ અધિકારો હતા. આ માનવ અધિકારોને મુળભૂત એટલા માટે ગણવામાં આવે છે કે આ અધિકારો એટલા બધા પ્રાથમિક ઉચ્ચ અને જરૂરી છે કે રાજય તરફથી સ્વીકૃતિની તેને જરૂર નથી. આંતર રાષ્ટ્રીય માનવ અધિકારોમાં જાતિ અને લિંગભેદ પર પ્રતિબંધ છે. આવા અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય અત્યાચાર સામે રક્ષણ, ગુલામીમાંથી મુકિત, વિચાર અને ધર્મ સ્વાતંત્ર્યનો જોગવાઈ કરવામાં આવી છે કે અનુચ્છેદ ૨૧ હેયળના જીવન સ્વાતંત્ર્યના મુળભૂત અધિકારોમાં કટોકટીના સમય દરમ્યાન પણ ફેરફાર કરી શકાતું નથી. આવા મુળભૂત માનવ અધિકારો રાજય તરફથી સ્વીકૃતિના મળી હોય તો પણ રાજયને બંધનકર્તા છે.

જયારે આપણે ૨૧ મી સદીમાં છીએ ત્યારે આપણે આપણા માનવ અધિકારો અને મુળભૂત અધિકારોથી વંચિત રહીએ તે કેવી રીતે શકય બને? ૨૧ મી સદીના સાંપ્રત સયમાં શિક્ષણો વ્યાપ વધ્યો છે અને તેની સાથે માહિતી પ્રાપ્તિ સ્થાનો વધ્યા છે. શિક્ષણ એક અધ્યયન પ્રક્રિયા છે. જેની સાથે સંકળાયેલો એક મહત્વ અને ઉપયોગી પ્રશ્ન માનવ અધિકારોનો છે. માનવ અધિકારો જીવન જીવવામાં વ્યકિતને મહદઅંશે સહાયભૂત અને માર્ગદર્શક બને છે. આપણે વિદ્યાશાખામાંથી જે શિક્ષણ પ્રાપ્ત કરીએ છીએ તે ભાવિજીવનની વિવિધ પરિસ્થિતિમાં સહાયભૂત થશે તે બેશક સાચી વાત છે. આથી માનવ અધિકારો અને મુળભૂત અધિકારોનું શિક્ષણમાં સંક્રમણ કરવું જોઈએ. જેથી ૨૧ મી સદીની આ નવી ક્ષિતિજોને વિકસાવી શકાય. ભારત જેવા દેશમાં જયાં જ્ઞાતિ, જાતિ, વર્ગ અને પ્રાદેશિક અસમાનતાથી સમાજ પીડાતો હોય ત્યાં શિક્ષણના હથિયારો વડે સામાજીક, આર્થિક અને રાજકીય પરિવર્તન લાવી શકાય છે. ભારતનો દરેક નાગરીક જો ભારતીય બંધારણનું પુરતું જ્ઞાન આપવામાં આવે તો આજે આપણે ભારતીય સમાજ ન્યાયી અને શોષણમુકત હોય.

- ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં સામાજીક વિકાસ ક્ષેત્રે કાયદાકીય દખલગીરી મહત્વની બની ગઈ છે.
- બંધારણના દસ વર્ષમાં રાજયોએ ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ હોવાછતાં આ લક્ષ્ય સિધ્ધ થતું નથી.
- બંધારણની કલમ – ૧૬ અન્વયે જાહેર નોકરીઓમાં લિંગભેદ દૂર કરાયો છે. સ્ત્રીઓ અને

બાળકોના વિકાસ અર્થે બંધારણમાં વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. આમ જનતાને પોતાના અધિકારોથી જાગૃત થાય તે માટે શિક્ષણની અગત્યતાના સ્વીકાર સાથે સ્વાતંત્ર ભારતનું શિક્ષણની છણાવટ અર્થે કેટલાક શિક્ષણપંચોની નિમણૂંક કરવામાં આવી છે

- શિક્ષણ પરિવર્તનનું સાધન ગણાય છે. આથી શિક્ષણ ધ્વારા જ માન્યતાઓ અને મૂલ્યોમાં બદલાવ લાવી શકાય છે.

- સામાજીક ન્યાય, સ્ત્રી–પુરૂષ સમાનતા, વૈચારિક સ્વતંત્રતા જેવા મૂલ્યો શિક્ષણ થકી આવે છે.
- પ્રવર્તમાન અભ્યાસક્રમ શિક્ષણ વ્યવસ્થાનો હાર્દ છે. આથી અભ્યાસક્રમમાં જ માનવ અધિકારોનો સમાવેશ કરી અભ્યાસક્રમ અને પાઠયક્રમ તૈયાર કરવો જોઈએ.
- શિક્ષણ ધ્વારા જો કાયદકિય જ્ઞાન આપવામાં આવે તો દરેક વ્યકિત જાગૃત અને સભાન બનશે અને પોતાનું આત્મ રક્ષવાની સાથે શોષણ થતું અટકાવી શકાય છે.
- ૨૧ મી સદીના શિક્ષણમાં માનવ અધિકારો અને મુળભૂત અધિકારોનું શિક્ષણ ખુબ જ અગત્યની ભૂમિકા ભજવે છે.

સંદર્ભ સૂચિ :–

૧) આપણું બંધારણ
– સુભાષ સી. કશ્યપ
૨) સ્ત્રી શિક્ષણ : વિકાસ અને પડકારો
– ર્ડા. નીરા દેસાઈ – ર્ડા. ઉષા ઠકકર
૩) અધ્યપન – અધ્યાપન પ્રક્રિયા
– ર્ડા. મોહનભાઈ પંચાલ
૪) માનવ અધિકારો
– સી. એન. કારીઆ